# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
# જ્ઞાનગંગા
મુખપત્ર



વર્ષ : ૩ અંક : ૫ (ફક્ત આંતરિક વિતરણ) જૂન, ૨૦૦૭


मा नो अग्नेडमत्ये मावीरतायै रीध :।

मागोतायै सहसस्पुत्र मा निदेडयद्वेषांस्था कृधि ॥ (ऋग्वेद-३,१६,५)

આપણું માનવજીવન સફળ થાય એટલા માટે આપણે બુધ્ધિમાન, વીર તથા ધનવાન બનીએ. નિંદક, ધૂર્ત, ચાડિયા અને અનાદારી ન થઈએ. આપણે કદીએ મતિદીન ન થઈએ કે જેથી જીવનપર્યંત સુખી રહીને પરમાત્માની ઉપાસના કરતા રહીએ.

## કુલપતિશ્રીની કલમે...

ગતાંકમાં આપણે ગુરૂ પરંપરાની ચર્ચા કરી હતી. જેમાં ગુરૂની સંસ્થા શિક્ષક શ્રમિકની સ્થિતિમાં કેવી રીતે આવી ગઈ તે જોયું હતું. ખરેખર વર્તમાનમાં શિક્ષક શ્રમિક જ નહીં પણ વેપારની શ્રેણીમાં આવી ગયા છે. જે પોતાના વર્ગમાં ભણાવવાને બદલે પોતાના ટયુશન કલાસીસ ફેકટરીની જેમચલાવે છે અને જેને પરિણામે શિક્ષક અધ્યાપકના પગાર કરતાં પણ મોટી કમાણી કરે છે. તો સાથે-સાથે એવી પણ અનેક સંસ્થાઓનો જન્મથયો છે કે જે શૈક્ષણિક સંસ્થામાં શિક્ષકોને માત્ર હજાર-પંદરસી રૂપિયા પગાર આપીને શિક્ષકનું શોષણ કરે છે. જે અધ્યાપકોના હક માટે લડનાર તેમજ સિધ્ધાંતોની વાતો કરનારા હતા તે જ આજે અધ્યાપકોનું શોષણ કરી રહયા છે. છતાં સારી બાબત એ છે કે સમાજ અને અર્થતંત્રના બદલાતા સંજોગોની વચ્ચે પણ થોડીક શૈક્ષણિક સંસ્થાઓના શિક્ષકોમાં ગુરૂની પરંપરાના ગુણો જોવા મળે છે. તેઓમાં ગુરૂની ભૂમિકા અત્યારે પણ જીવે છે.

ગુરૂઓ અને શિક્ષકોની ચર્ચા કર્યા પછી સંક્ષેપમાં શિક્ષાર્થી અથવા શીખનારના દષ્ટિકોણથી પણ વિચાર કરીને જોઈએ. કેમકે શીખનારની સંખ્યા પણ શિષ્ય, વિદ્યાર્થી, શિક્ષાર્થી અને ગ્રાહકના તબકકામાં પસાર થઈ છે. શરૂઆતમાં માનવજાતિ જંગલોમાં વસતી હતી અને તે સમયે કોઈ Formal Educationની વ્યવસ્થા નહોતી. શિકારી સમાજમાં શીખવાનું માધ્યમફકત Observation હતું. જેમાં જ્ઞાન, શિક્ષા, કુશળતાઓ (skills) એક પેઢીથી બીજી પેઢીને મળતી હતી અને એવી રીતે દરેક પેઢી જ્ઞાનની પ્રક્રિયામાં પોતાનું યોગદાન કરતી હતી.

બીજા તબક્કામાં એક નવી વ્યવસ્થાનો જન્મથયો. જેમાં માતા-પિતાએ બાળકને ગુરૂના આશ્રમમાં તેમજ ચર્ચ અને અન્ય કોઈક ધાર્મિક સ્થળોએ મોકલવાનું શરૂ કર્યું. આ વ્યવસ્થામાં વિદ્યાર્થી ગુરૂના ચરણોમાં બેસી અથવા તેની સાથે રહીને ગુરૂના જીવનને જોઈને જીવનની વાસ્તવિકતાઓ તેમજ ભૌતિક અને અતિભૌતિક સમસ્યાઓની ચર્ચા અને વિચારણા કરવામાં આવતી હતી. વિદ્યાર્થી માટે અધ્યાપક સાથે સંવાદ કરીને તેમજ તેમનું જીવન જોઈને શીખવાનું તેમજ શિક્ષા લેવાનું માધ્યમહતું. ભારતીય સંસ્કૃતિમાં આ સ્થિતિ સૌથી ઉદ્દાત્ત સ્થિતિ હતી. જેનું પ્રમાણ તૈત્તરીય ઉપનિષદમાં મળે છે. ઉપનિષદ કહે છે:

आचार्य पूर्वरुपम्। अंते वास्या उत्तररुप।

विद्यासंधि प्रवचन संधानम्॥

એટલે કે શિક્ષાની પ્રક્રિયાનો પહેલો ભાગ અધ્યાપક એટલે આચાર્ય છે અને બીજો વિદ્યાર્થી. બેઉના વચ્ચેની સંધિ વિદ્યા છે અને આ બેઉની વચ્ચે પ્રવચનથી સંધાન અથવા જોડાણ થાય છે.

ત્રીજા તબક્કામાં કૃષિપ્રધાન સમાજ અસ્તિત્વમાં આવ્યો અને શ્રમની શરૂઆત થઈ જેથી શ્રમનું વિભાજન પણ થયું. જેની પાસે જ્ઞાન હતું તે શિક્ષક બન્યા અને અન્યએ ખેતીવાડીનું કામસંભાળ્યું. ખેતીવાડીની સાથે-સાથે કેટલાંક લોકોએ સમાજ સુરક્ષાનું તથા અન્ય સહાયભુત કામો શરૂ કર્યા. આમસમાજમાં જેની પાસે જ્ઞાન હતું એ અને જેની પાસે જ્ઞાન નહોતું તેવા બે વર્ગોમાં તેનું વિભાજન થયું. આજ સમયમાં શસ્ત્ર, શાસ્ત્ર અને અર્થશાસ્ત્રના ધોરણો અને તેની વ્યવસ્થાઓ સમાજમાં અસ્તિત્ત્વમાં આવી. આપણા દેશમાં સમયાંતરે જ્ઞાનને પરિવાર અથવા જન્મને આધારે જાત સાથે જોડવામાં આવી. તો બીજી બાજુ યુરોપમાં વિશ્વાસ અને તર્ક વચ્ચે તણાવ ઊભો થયો. જેના પરિણામે તાર્કિકતા, વૈજ્ઞાનિક દષ્ટિકોણ, વિજ્ઞાનનો વિકાસ અને ૧૯મી સદીમાં ઔદ્યોગિક ક્રાંતિ આવી. ઔદ્યોગિક વિકાસની સાથે-સાથે શિક્ષણની વ્યવસ્થામાં બહુ મોટા પરિવર્તનો આવ્યાં. ઉદ્યોગોની સ્થાપના સાથે કામની જગ્યા ઘરથી દૂર ફેકટરીમાં જતી રહી. જયારે ઘરના મોટી ઉંમરના સભ્યો ફેકટરીમાં કામકરવા લાગ્યા ત્યારે ઘરમાં બાળકોને સાચવવાનું કોઈ વ્યવસ્થિત સાધન ન હોવાથી વિકલ્પે સ્કૂલ-કોલેજ-યુનિવર્સિટી અસ્તિત્ત્વમાં આવી. ઉદ્યોગ-કારખાનાંઓની સાયરન સાથે સ્કૂલમાં ઘંટ વાગવાનું શરૂ થયું. આમઉદ્યોગોએ અને સ્કુલોએ પોતાની કામગીરીની શરૂઆત કરી. આનો સૌથી મોટો દુષપ્રભાવ એ થયો કે ઔદ્યોગિક ઉત્પાદનની જેમશિક્ષણની પધ્ધતિ અને મુલ્યાંકનની સરખી વ્યવસ્થા ઉપર ભાર મૂકવામાં આવ્યો. શીખનાર શિક્ષાર્થીઓ માત્ર વાસણની જેમઉપસ્થિત થયા. જેમાં શિક્ષકોએ વાસણમાં પાણીની જેમજ્ઞાન ભરવાનું હતું.

હવે Information Technology (IT) ની ક્રાંતિનો સમય આવી ગયો છે. જેમાં ચોપડીનાં પાનાંની જગ્યા ઈન્ટરનેટ અથવા કોમ્પ્યુટર સ્કીને લીધી છે અને જેની પાસે SSS એટલે કે 'સર્ચ' 'સ્ક્રોલ' 'સીલેકટ' કરીને ડાઉનલોડ કરવાની ક્ષમતા છે તે બીજાથી શ્રેષ્ઠ પુરવાર થાય છે. આજે મલ્ટીમીડિયા અને ટેકનોલોજીની મદદથી સારાં શિક્ષકને દેશના દુરસ્થ ભાગમાં પણ પહોંચાડી શકાય છે. ઓપન અને ડિસ્ટન્સ લર્નીંગ દ્વારા દુરસ્થ શિક્ષણ આપવાનો વર્ચુઅલ યુનિવર્સિટી, વર્ચુઅલ પ્રોફેસર, વર્ચુઅલ લર્નર એક હકીકત બની ગયા છે. શિક્ષાર્થી ગુણવત્તાયુકત શિક્ષણની શોધ કરતો એક ગ્રાહક છે. જે પોતાની જરૂરિયાત સંતોષે તેવા શિક્ષણની શોધમાં છે. એ સમય દૂર નથી જયારે શીખનારની જરૂરિયાતને તથા દેશકાળની વાસ્તવિકતાઓને ધ્યાનમાં રાખીને પાઠ્યક્રમ-અભ્યાસક્રમઅથવા શિક્ષણની દશા અને દિશા નિર્ધારિત થશે. આમાં જે સંસ્થાઓ અને અધ્યાપકો સક્ષમસિદ્ધ થશે તે અસ્તિત્ત્વમાં રહેશે.

-: અસ્તુ :-


પ્રો. અવધેશકુમાર સિંહ
કુલપતિ

## "નિર્મળ ગુજરાત" MSW વિદ્યાર્થીઓની શિબિર ...



એમ.એસ.ડબ્લ્યુ. શિબિરનું સમાપન કરતાં મહામહિમરાજ્યપાલશ્રી નવલકિશોર શર્મા

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના M.S.W. અભ્યાસક્રમના ભાગરૂપે તા. 08/05/2007 થી તા. 17/05/2007 દરમ્યાન દસ દિવસીય શિબિરનું આયોજન મોડાસા તાલુકાના વિવિધ ગામો જેવા કે પહાડપુર, ચોપડા તથા ધુનાવાડા ખાતે ડૉ. રસીકલાલ શાહ સાર્વજનિક હોસ્પીટલ, મોડાસાના સહયોગથી યોજવામાં આવેલ.

શિબિરનો મુખ્ય આશય M.S.W.ના વિદ્યાર્થીઓને વાસ્તવિક પૃષ્ટભૂમિમાં સમાજકાર્યના કૌશલ્યોનો ઉપયોગ કરી સમાજકાર્યને વાસ્તવમાં પ્રાયોગિક રીતે કઈ રીતે અમલી બનાવી શકાય તે રહેલ. વધુમાં આ શિબિર દ્વારા રાજયના અલગ-અલગ સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, આર્થિક પૃષ્ટભૂમિમાંથી આવતા વિદ્યાર્થીઓ સાથે કઈ રીતે આયોજન સ્થાપી શકાય તે શીખવવાનો પણ હેતુ રહેલ. આ શિબિર વર્તમાન પ્રશ્નોને અનુલક્ષીને પણ મહત્ત્વપૂર્ણ રહેલ કારણ કે આ શિબિરની થીમ"Youth for Clean and Green Gujarat" રાખવામાં આવેલ. આ સૂત્ર સરકારના નિર્મળ ગુજરાતના સ્વપ્નના ભાગરૂપે પણ મહત્ત્વપૂર્ણ છે. આ શિબિર સરકારના નીતિ નિર્ધારણના લક્ષ્યને અપનાવી આયોજીત કરવામાં આવેલ.

આ શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રાસંગિક વકતવ્ય અને મહેમાનોનો પરિચય શિબિર સંયોજક તથા ડૉ. રસીકલાલ શાહ સાર્વજનિક હોસ્પીટલ, મોડાસાના મેડીકલ ડાયરેકટર શ્રી ડૉ. ડી.એમ. દવે દ્વારા આપવામાં આવેલ અને કાર્યક્રમની રૂપરેખા પ્રો. ડૉ.અનિલભાઈ નાવલે (રીટા. પ્રો. અને હેડ, MSW ડીપા, એમ.એસ. યુનિ. વડોદરા) દ્વારા આપવામાં આવેલ. ઉદ્‌ઘાટન પ્રસંગે અતિથિ વિશેષરૂપે પધારેલ શ્રી દિલિપસિંહ પરમાર (ધારા સભ્ય) એ વિદ્યાર્થીઓને ઉદ્‌બોધન પૂરૂં પાડેલ. આ અવસરે યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્ય શ્રી પરાગભાઈ નાયકે વિદ્યાર્થીઓને શ્રી વિવેકાનંદજીના જીવનમાંથી પ્રેરણા લઈ કાર્ય કરવા જણાવેલ.

સમારંભના અધ્યક્ષપદેથી માનનીય કુલપતિશ્રી અવધેશકુમાર સિંહએ વિદ્યાર્થીઓને પ્રેરક ઉદબોધન પૂરૂં પાડી સમાજકાર્ય પારંગતના કોર્સમાં કાર્યક્ષેત્રનું મહત્ત્વ સમજાવેલ.

ચોપડા ગામખાતે સમાજ કાર્ય પારંગતના વિદ્યાર્થીઓની 10 દિવસીય શિબિરનો ઉદ્‌ઘાટન કાર્યક્રમપૂર્ણ થયેલ.


બીજા દિવસે સવારે પહાડપુર ખાતે બધા જ વિદ્યાર્થીઓને એકઠા કરી તેમને ત્રણ જૂથમાં વહેંચી ત્રણ ગામોમાં પહાડપુર, ચોપડા તથા ધુનાવાડામાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવેલ. શિબિરના તથા ધુનાવાડામાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવેલ.

શિબિરના પ્રથમદિવસે બધા વિદ્યાર્થીઓને ગામપહાડપુર ખાતે એકઠા કરવામાં આવેલ અને શિબિરના નિયમો તથા મહત્ત્વ સમજાવી ત્રણેય જૂથમાં વિવિધ ટુકડીઓ બનાવવામાં આવેલ.

આ શિબિરનું મધુર પાસું એ રહેલ કે દરેક વિદ્યાર્થી દ્વારા જે તે ગામનું એક ઘર 10 દિવસ માટે દત્તક લેવામાં આવેલ જયારે જે તે ઘર દ્વારા જે તે વિદ્યાર્થીને 10 દિવસ માટે દત્તક લેવામાં આવેલ. આમ, અરસપરસ એકબીજાને દત્તક લેવામાં આવેલ.

પ્રથમદિવસે વિદ્યાર્થીઓ દ્વારા તેમના ગામમાં ગ્રામસર્વેક્ષણ પત્રક ભરવામાં આવેલ જેનો મુખ્ય હેતુ ગામની આર્થિક અને સામાજિક પરિસ્થિતી જાણવાનો રહેલ જેમાં ઉંડાણ પૂર્વકની માહિતી વિદ્યાર્થીઓ દ્વારા મેળવવામાં આવેલ ત્યારબાદના દિવસો દરમ્યાન નીચે પ્રમાણેની પ્રવૃત્તિઓ કરવામાં આવેલ.

- સંદર્ભના વ્યાવસાયિક નિષ્ણાંતોને બોલાવવામાં આવેલ.
- સવારે પ્રભાત ફેરી કરવામાં આવતી જેમાં પ્રાર્થના, ભજન, ધૂન વિગેરે કરવામાં આવતા.
- દત્તક ઘરનાં આંગણાની સફાઈ કરી ત્યાં તુલસીનો છોડ રોપવામાં આવેલ તેમના ઘર પર જે તે ઘરના માલિકનું નામતથા ઘરનુ નામલખવામાં આવેલ આમઘરને સુંદર રૂપ આપવાનો પ્રયત્ન થયેલ.
- પ્રત્યેક ગામમાં ગ્રામસફાઈ કરવામાં આવેલ.
- ગામની જાહેર દીવાલો પર સૂત્રોનું લેખન કરવામાં આવેલ.
- શેરી પ્રમાણે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરી દરરોજ રાત્રીના જે તે ગામમાં સાંસ્કૃતિક કાર્યક્રમયોજવામાં આવેલ.
- ગામની શેરી પ્રમાણે નાના કુટુંબના, ઘર સ્વચ્છતાના, શરીર સ્વચ્છતાના અને વૃક્ષારોપણના લાભ પર ચર્ચા અને વ્યાખ્યાન કરવામાં આવેલ.
- દત્તક ઘરે ઘર સફાઈની સમજ આપવામાં આવી અને ઘર સફાઈ કરાવવામાં આવેલ.
- ગામપહાડપુર, ધૂનાવાડા, ચોપડા અને સીતપુર ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં અંદાજે આ બધા જ ગામના આશરે 400 વ્યકિતઓએ લાભ લીધેલ.
- વિદ્યાર્થીઓ દ્વારા દરેક ગામોમાં શોષખાડા તૈયાર કરવામાં આવેલ.આ ઉપરાંત HIV/AIDS ના પોસ્ટરોનું પ્રદર્શન કરવામાં આવેલ અને આ વિષય પર ગામલોકોને માહિતી આપવામાં આવેલ.
- ગામની સ્થાનિક જાહેર સંસ્થાઓ જેવી કે ગ્રામપંચાયત, શાળા, કોમ્યુનિટી હોલ, દૂધ મંડળી, ધાર્મિક સ્થળો તથા મુખ્ય રસ્તાઓની સફાઈ કરવામાં આવેલ.
- દરેક ગામોમાં અંધશ્રધ્ધા નાબુદી બાબતોનો કાર્યક્રમકરવામાં આવેલ.
- આવેલ જેમાં આ સંદર્ભના વ્યાવસાયિક નિષ્ણાંતોને બોલાવવામાં આવેલ.



શિબિરના સફાઈ અભિયાનમાં વ્યસ્ત વિદ્યાર્થિની બહેનો

- ગામના યુવક, યુવતીઓ સાથે સંયુક્ત બેઠક કરી યુવા કલ્યાણની પ્રવૃત્તિઓની ચર્ચા કરવામાં આવી જેમાં સરકારની આર્થિક સહાયની યોજનાઓની સમજ, "Green and Clean Village" એટલે "નિર્મળ ગુજરાત"ની સમજ આપવામાં આવી તથા તે પર ચર્ચા કરવામાં આવી.
- ધુનાવાડા ગામ ખાતે ગામની બહેનો માટે રંગોળી સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, ગીત સ્પર્ધા, તથા વસ્ત્ર પરિધાન સ્પર્ધા યોજવામાં આવેલ જેમાં પ્રથમ, દ્વિતીય તથા તૃતિય કક્ષાએ રહેલ બહેનોને ઈનામ આપવામાં આવેલ.
- દરેક ગામમાં વિદ્યાર્થીઓની યાદગીરી રૂપે મુખ્ય ચોક પર ઓટલાનું (બેઠક વ્યવસ્થાનું) આયોજન કરવામાં આવેલ.
- દરેક ગામના વડીલો માટે એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં તેમના જીવનના સારા નરસા અનુભવો જાણવામાં આવ્યા અને ત્યારબાદ તેમના સંતાનો દ્વારા જ તેમનું સન્માન કરવામાં આવેલ.
- ગામ ચોપડા તથા ધુનાવાડામાં રાજય પરિવહનની બસોની સગવડ ન હોવાથી તથા વિદ્યાર્થીઓ દ્વારા આ માહિતી મેળવી રાજય પરિવહનના ઈન્ચાર્જશ્રીને આ અંગે લેખિતમાં રજૂઆત કરવામાં આવેલ. પરિણામે તા. 16/05/2007ના રોજ થી આ ગામોમાં ઉપરોક્ત બસની વ્યવસ્થા કરવામાં આવેલ જેને ગામ લોકોએ ઉત્સાહભેર તથા ઉત્સવની જેમ વધાવેલ.
- માન. કુલપતિશ્રી અવધેશકુમાર સિંહ દ્વારા "ભારતીય સંસ્કૃતિ અને શિક્ષણ" પર વ્યાખ્યાન વિદ્યાર્થીઓએ રસપૂર્વક માણેલ.
- શિબિરના અંતિમ તબકકામાં ચાર શિબિરાર્થીઓને શ્રેષ્ઠ શિબિરાર્થીઓ તરીકે પસંદ કરવામાં આવેલ અને તેમને એવોર્ડ એનાયત કરવામાં આવેલ.
- દરેક ગામના બાળકોએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધેલ અને પ્રથમ, દ્વિતીય તથા તૃતિય સ્થાન પર રહેલ બાળકોને ઈનામ આપવામાં આવેલ.

શિબિરના અંતિમ દિવસે તા.17/5/07 ના રોજ ગામ પહાડપુર ખાતે શિબિરનું સમાપન કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલશ્રી નવલ કિશોર શર્માજી શિબિરાર્થી ભાઈઓ બહેનોને આર્શિવચન આપવા ખાસ ઉપસ્થિત રહેલ. તેમના વકતવ્યમાં મહામહિમ રાજયપાલશ્રીએ આવી શિબિર કે જેમાં સમાજના ગ્રામ્ય સ્તરના લોકો સુધી પહોંચવા તથા કાર્ય કરવા પર શિબિરાર્થીઓ સરાહના કરેલ. તથા આવી શિબિરો દ્વારા સમાજના વધુમાં વધુ લોકો સુધી પહોંચવા પર ભાર મુકેલ. જયારે માન. કુલપતિશ્રી અવધેશકુમાર સિંહે આ સંદર્ભે આગળ વધવા હાંકલ કરેલ ત્યારબાદ આ શિબિરના સંયોજક શ્રી ડૉ. ડી. એમ. દવેએ શિબિરનો દશ્ય-શ્રાવ્ય અહેવાલ રજૂ કરેલ. આ અહેવાલ બાદ શ્રેષ્ઠ શિબિરાર્થી ભાઈઓ - બહેનોને મહામહિમ રાજયપાલશ્રીના હસ્તે એવોર્ડ આપવામાં આવેલ. આ પ્રસંગે યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રી પ્રફુલ્લભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહેલ.

## યુનિવર્સિટી દ્વારા શિક્ષણના પ્રસાર અંગે...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ચાલતા તમામ અભ્યાસક્રમોનો બહોળો પ્રચાર-પ્રસાર થાય અને તેનો લાભ ગુજરાતભરના છેવાડાના લોકો લઈ શકે તે હેતુથી પ્રચાર-પ્રસારની એક કમિટિનું ગઠન કરવામાં આવ્યું છે. જેની મિટિંગ તા.23/05/2007 ના રોજ યુનિવર્સિટી ખાતે ગોઠવવામાં આવી હતી. મિટિંગમાં આગામી દિવસોમાં યુનિવર્સિટીએ અને કેન્દ્ર પર પ્રચાર-પ્રસાર માટે શું કામગીરી કરવી તે અંગે વિચારણા કરી નિર્ણયો લેવામાં આવેલ. મિટિંગમાં પ્રવેશના સમયગાળા દરમિયાન પ્રિ-એડમીશન કાઉન્સેલીંગ દરેક કેન્દ્ર પર થાય તેના પર વિશેષ ચર્ચા થઈ હતી. તેમજ યુનિવર્સિટીના પ્રચાર-પ્રસાર માટે બ્રોશર તૈયાર કરી કેન્દ્રો પર આપવા, પ્રવેશ જાહેરાત પહેલા દરેક કેન્દ્રના સંયોજક/પ્રોગ્રામ ઈન્ચાર્જની ચાર ઝોનમાં પ્રિ-એડમીશન કાઉન્સેલીંગ તેમજ એકેડેમિક કાઉન્સેલીંગ માટે એક દિવસીય વર્કશોપ ગોઠવવાનું નકકી કરવામાં આવ્યું તેમજ અન્ય કેટલાંક નિર્ણયો પણ લેવામાં આવ્યા હતાં.

પ્રચાર-પ્રસારની મિટિંગમાં સભ્યશ્રીઓમાં શ્રી પરાગભાઈ નાયક (B.O.M. સભ્ય) ડૉ. ધરમભાઈ કાંબિલયા (B.O.M. સભ્ય) શ્રી માધુભાઈ પટેલ (APB સભ્ય), પ્રો. આર. ડી. મૂળિયા (ઈ.ચા. નિયામક, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી), પ્રા. દશરથ જાદવ (વ્યાખ્યાતા-ગુજરાતી) હાજર રહયા હતા. યુનિવર્સિટી દ્વારા શિક્ષણના પ્રચાર-પ્રસાર વધે અને વધુમાં વધુ વિદ્યાર્થીઓ તમામ અભ્યાસક્રમમાં જોડાય તે અંગે ઘટતું કરવાના નિર્ણયો સાથે મિટિંગ પૂર્ણ થઈ હતી.

## NAAC ના નિયામકની યુનિવર્સિટીની મુલાકાત...

NAAC ના નિયામક પ્રો. વી. એસ. પ્રસાદ તથા તેમની ટીમ તા. 21/4/07 ના રોજ યુનિવર્સિટીની મુલાકાતે આવ્યા હતા. મા. કુલપતિશ્રી સાથેની મુલાકાત દરમ્યાન યુનિવર્સિટીની કામગીરી અંગેની ચર્ચા કરી હતી. તે જ દિવસે NAAC ના નિયામકશ્રી, શ્રી. પનીરવેલ (IAS - પ્રિન્સીપાલ સેક્રેટરી હાયર એન્ડ ટેકનીકલ શિક્ષણ), ડૉ. રાજીવ ગુપ્તા- (IAS - કમિશ્નર ઓફ હાયર એજયુકેશન) તથા યુનિવર્સિટીના કુલપતિશ્રીએ માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે મુલાકાત લીધી હતી તથા NAAC અંતર્ગત ચર્ચા કરી હતી. જેમાં મા. મુખ્યમંત્રીશ્રીએ શિક્ષણના સુધારા માટે હાકલ કરી હતી. ત્યારબાદ NAAC અંગેનો રીપોર્ટ પણ મા. મુખ્યમંત્રીશ્રીને સુપ્રત કર્યો હતો.



માનનીય કુલપતિશ્રી (ડૉ.બા.આંઓ.યુ.) ડાયરેકટર NAAC અને ડેપ્યુટી કો. ઓર્ડિનેટર

## પ્રવેશ વિભાગ...

Feb-2007 ની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. દરેક કેન્દ્રમાં નોંધાયેલ વિદ્યાર્થીની સંખ્યાની યાદી જે તે કેન્દ્રને ત્રણ તબકકામાં મોકલી આપવામાં આવેલ છે.જે કેન્દ્ર પર વિદ્યાર્થી 50 થી ઓછા નોંધાયા છે. તેવાં કેન્દ્રના વિદ્યાર્થીઓને નજીકના કેન્દ્રમાં તબદીલ કરવામાં આવ્યા છે. જેની જાણ જે તે કેન્દ્રને કરવામાં આવી રહી છે. જે વિદ્યાર્થીઓના પ્રવેશ ફોર્મમાં ક્ષતિ હતી તેવા વિદ્યાર્થીઓને હાલ યુનિવર્સિટીએ સૈદ્ધાંતિક પ્રવેશ આપેલ છે. પરંતુ તે વિદ્યાર્થીને પત્ર દ્વારા આપવામાં આવેલી સૂચના મુજબ ક્ષતિ પૂર્તતા નહીં કરે તો તેનો પ્રવેશ રદ કરવામાં આવશે. તેને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં તેની ગંભીરતાથી નોંધ લેવા વિદ્યાર્થીને પત્ર દ્વારા જાણ કરવામાં આવી છે. Feb-2007 માં માત્ર સર્ટિફીકેટ કોર્સનો પ્રવેશ આપવામાં આવેલ છે. પરંતુ Feb-2006 માં ડિગ્રી-કોર્સમાં નોંધાયેલ વિદ્યાર્થીઓને ઓફર કરી તેમને Feb-2007 માં પ્રવેશ આપવામાં આવેલ છે. જેની યાદી જે-તે કેન્દ્રને મોકલી આપવામાં આવેલ છે.

ઓગષ્ટ-2007 ના પ્રવેશ જાહેરાત નજીકના સમયમાં આપવામાં આવનાર છે. જેમાં યુનિવર્સિટીના તમામ અભ્યાસક્રમોમાં પ્રવેશ થનાર છે. યુનિવર્સિટીએ Feb-2007 શરૂ કરેલ પ્રવેશ પધ્ધતિ મુજબ જે પ્રવેશ Online અને મેન્યુઅલી બંને પધ્ધતિએ કરવામાં આવનાર છે. યુનિવર્સિટી આ વર્ષે પ્રોસ્પેકટસ અને ફોર્મ બે ભાગમાં તૈયાર કરે છે જેમાં એક માત્ર સર્ટિફિકેટ કોર્ષ માટે બીજું ડિપ્લોમાં, ડિગ્રી કોર્ષ માટેનું. જે કેન્દ્ર પર માત્ર સર્ટિફિકેટ કોર્ષ ચાલે છે તેમને સટીફીકેટ કોર્ષના ફોર્મ જ મળશે જયારે તમામ કોર્ષ જે કેન્દ્ર પર ચાલે છે તેમને બંને ફોર્મ આપવામાં આવશે. આપના કેન્દ્ર પર કેટલાં પ્રવેશ ફોર્મની જરૂર છે તે અંગેની માહિતી મટીરીયલ વિતરણ વિભાગ શ્રી. નાચી સાહેબને ફોન નં. 9228355561 પર સંપર્ક કરી જણાવશો.

## SC/ST શિષ્યવૃત્તિ અંગે...

ડો બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ SC/ST વિદ્યાર્થીઓના ફેબ્રુઆરી 2006 ના પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિના ફોર્મની ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થવામાં છે વર્ષ ઓગષ્ટ 2005 ફેબ્રુઆરી 2006 ના શિષ્યવૃત્તિના ફોર્મ જિલ્લા પછાત કલ્યાણ અધિકારીશ્રીની કચેરીએ ટૂંક સમયમાં મોકલી આપવામાં આવનાર છે. ઓગષ્ટ 2006ના SC/ST વિદ્યાર્થીઓના શિષ્યવૃત્તિના ફોર્મની ચકાસણીની કાર્યવાહી ચાલુ છે. SC/ST વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મંજૂર થયેથી તેના ચેક જે તે વિદ્યાર્થીના રહેઠાણ ઉપર મોકલી આપવામાં આવશે.

Feb-2007ના શૈક્ષણિક સત્રથી પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થયેથી જે તે સેન્ટરો ઉપર SC/ST વિદ્યાર્થીઓની યાદી ઉપરથી શિષ્યવૃત્તિના ફોર્મ મોકલી આપવામાં આવશે આ ફોર્મ ખૂબ જ ચોકસાઈથી સેન્ટરો દ્વારા SC/STવિદ્યાર્થીઓને ભરાવવાના રહેશે. ભરેલ ફોર્મ દરેક સેન્ટરોએ યાદી સાથે ડો બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને મોકલવાના રહેશે.

**નોંધ :** અધૂરી વિગતોવાળા ફોર્મ અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે સેન્ટરોની રહેશે. જેથી સેન્ટરોએ SC/ST વિદ્યાર્થીઓના શિષ્યવૃત્તિ ફોર્મ ખૂબ જ ચકાસણીથી ભરીને મોકલવા. વધુ જાણકારી માટે SC/ST વિભાગના ઈન્ચાર્જ મિનાક્ષીબેન બી. ચૌહાણ (વ્યાખ્યાતા એજયુ.) નો સંપર્ક કરવો.

## Ph.D. અભ્યાસક્રમ અંગે...

યુનિવર્સિટીમાં વિવિધ વિષયો પર Ph.D. કરનારા વિદ્યાર્થીઓમાં નીચે જણાવેલ વિષયોમાં Ph.D. કરનાર વિદ્યાર્થીઓએ કરેલ કામગીરીઓનું મૂલ્યાંકન કરવા તથા તે અંગે ચર્ચા કરી આગામી સત્ર માટેની ફી ભરવાની સૂચના આપવા માટે તા.22 એપ્રિલ થી 26 એપ્રિલ 2007 સુધી વિદ્યાર્થીઓને યુનિવર્સિટી ખાતે બોલાવવામાં આવેલ હતાં. જેમાં જે-તે વિષયના વિષય તજજ્ઞોએ જે-તે વિદ્યાર્થીએ કરેલ કામગીરી અંગેનું મૂલ્યાંકન કર્યુ હતું તથા જરૂરી સૂચનાઓ આપી હતી. સદર કામગીરી ડો. આર.ડી. મૂખિયા, ઈ.ચા. નિયામકશ્રીના માર્ગદર્શન હેઠળ શ્રીમતી માર્ગીબેન વચ્છરાજાની પ્રોજેકટ ઓફિસરે હાથ ધરેલ. જેમાં નીચે મુજબના વિષયોમાં તજજ્ઞોને આમંત્રિત કરવામાં આવેલ અને વિદ્યાર્થીઓ હાજર રહેલ હતાં.

| વિષય | તજજ્ઞોનું નામ | હાજર રહેલ વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|---|
| લાઈબ્રેરી સાયન્સ | ડૉ. ચંદ્રકાંત રાવલ | 13 |
| સાઈકોલોજી | ડૉ. એલ. યાજ્ઞિક | 6 |
| | ડૉ. એસ. જે. પટેલ | |
| ફિઝીકલ એજયુકેશન | ડૉ. પી.ડી. શર્મા | 9 |
| | ડૉ.જમનાદાસ સાવલિયા | |
| એજયુકેશન | ડૉ. એસ. કુમાર | 28 |
| | ડૉ. ડી.એ. ઉચાટ | |
| સોશિયોલોજી | ડૉ. પી.એસ. ચુંડાવત | 10 |
| ગુજરાતી | ડૉ. નિતિન વડગામા | 2 |
| | ડૉ. મનોજ જોશી | |
| અંગ્રેજી | ડૉ. એ.બી. રામકૃષ્ણન | 9 |
| કમ્પ્યુટર | ડૉ. એમ.એન. જાની | 1 |

આ વર્કશોપ અન્વયે લેવાયેલ નિર્ણય મુજબ જેમનો પ્રોગ્રેસ સંતોષકારક હોય તેમને ફી ભરવાની સૂચના આપવામાં આવેલ છે. અને જેમની પ્રગતિ અર્ધસંતોષકારક હોય તેમના કાર્યમાં નિષ્ણાંતોની સૂચના મુજબ કામગીરી કરી પ્રોગ્રેસ રીપોર્ટ જમાં કરાવ્યા બાદ ફી ભરવાની સૂચના આપવામાં આવશે. જે-તે વિદ્યાર્થીને સુધારો કરવા અંગેની ચેતવણી આપવામાં આવેલ છે.

## બી.એડ. એમ.એડ.અભ્યાસક્રમની માન્યતા બાબત...

NCTE ભોપાલ દ્વારા તા. 16,17 મે, 2007 ના રોજ યુનિવર્સિટીમાં ઈન્સ્પેકશનનું આયોજન કરવામાં આવ્યું હતું આ ઈન્સ્પેકશન અંતર્ગત પ્રો. એમ. એલ. કૌલ તથા પ્રો. વી. એસ. ડોગરે યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. તેઓએ યુનિવર્સિટીના વિવિધ અધિકારીઓની તથા વિભાગોમાં મુલાકાત દરમ્યાન ચર્ચા અને સૂચનો કર્યા હતા. શિક્ષણશાસ્ત્ર વિભાગમાં નિમણૂંક પામેલ પ્રોફેસર,રીડર અને અધ્યાપક મિત્રો સાથે તેઓએ શિક્ષણની વિવિધ બાબતોની ચર્ચા કરી અને તેમને દૂરવર્તી શિક્ષણથી વાકેફ કર્યા. ઈન્સ્પેકશનના ભાગરૂપે ગોઠવાયેલ આ મુલાકાત અંતે જરૂરી પુરાવાઓની નકલ પણ તેમને મેળવી અને ચકાસણી કરી યુનિવર્સિટીની ક્ષમતાને સંતોષકારક માનીને NCTE ભોપાલ તરફથી B.Ed. અભ્યાસક્રમ માટ Aug-2007 ના સત્રથી 500 બેઠકની માન્યતા પ્રાપ્ત થયેલ છે.

## અભ્યાસકેન્દ્રો તરફ...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અત્યારે ગુજરાતના તમામ જીલ્લાઓને આવરી લઈને 272 અભ્યાસકેન્દ્રો/ પ્રો. કેન્દ્રો દ્વારા સમગ્ર ગુજરાતમાં દૂરવર્તી શિક્ષણ પૂરૂં પાડી રહી છે. દરેક સંસ્થાની ભૌતિક અને શૈક્ષણિક સુવિધા અનુસાર જે તે કેન્દ્ર પર અભ્યાસક્રમો ચલાવવાની મંજૂરી આપવામાં આવેલ છે.

યુનિવર્સિટીના સ્થાપિત કેન્દ્રોના Review અંગે તથા નવા સ્થપાતા કેન્દ્રોની LIC અંગેની કાર્યવાહી હાલ સતત ચાલુ જ છે તે મુજબ ગુજરાતના જુદા જુદા જીલ્લા મુજબ જુદા જુદા સમિતિ સભ્યોને LIC/Review અંગેની કામગીરી વહેંચવામાં આવેલ છે. તેઓના રીપોર્ટને આધારે કેન્દ્રોને નવાસત્રથી રીપોર્ટમાં દર્શાવેલ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાની મંજૂરી આપવામાં આવે છે. જે સંસ્થાઓએ પોતાની ફાઈલ યુનિવર્સિટીમાં જમા કરાવી છે અને LIC ની કાર્યવાહી બાકી છે તેઓએ કમિટિ આવે ત્યાં સુધી ધીરજ રાખવા વિનંતી.

Aug-2007 ના સત્ર માટે યુનિવર્સિટી દ્વારા નવી 90 સંસ્થાઓના LIC અંગેનું તથા 106 યુનિવર્સિટીના માન્ય કેન્દ્રોના Review અંગેની કામગીરી હાલ હાથ પર છે જે એપ્રિલ -2007 માં સમિતિ સભ્યોને સોંપાઈ ગયેલ છે. અને સભ્યો દ્વારા કામગીરી શરૂ પણ કરી દેવામાં આવેલ છે.

દરેક કેન્દ્રના સંયોજક/ પ્રો.ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે યુનિવર્સિટીએ જુદા જુદા વિભાગના ફોન નંબર અગાઉ આપેલ છે તો જે વિભાગની કામગીરી હોય ત્યાં સીધો સંપર્ક કરવા વિનંતી. જ્યાં યુનિવર્સિટીના જવાબદાર અધિકારી હાજર હોય છે. ઉપરાંત યુનિવર્સિટીના કેન્દ્રો અને સંસ્થાઓ જેઓએ કેન્દ્ર મેળવવા દરખાસ્ત કરેલ છે તેઓ ના Review/LIC અંગેની કામગીરી હાલ ચાલુ જ છે અને સમિતિ સભ્યોની મદદથી તે ટૂંક સમયમાં જ પૂર્ણ કરવામાં આવનાર છે. તેથી જેઓ ને ત્યાં Review/LIC ની કામગીરી હજી બાકી છે તેઓ હાલ ધૈર્ય રાખી યુનિવર્સિટીને મદદરૂપ થવા વિનંતી.

## સિવિલ સર્વિસીઝ કાર્યક્રમની C.D. વેચાણ અંગે :

યુનિવર્સિટી દ્વારા સંચાલિત સેટેલાઈટ ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ પરામર્શન કાર્યક્રમ (SATODL) અંતર્ગત સિવિલ સર્વિસીઝ પરીક્ષાની તૈયારીમાં ગુજરાતના વિદ્યાર્થીઓને મદદરૂપ થવાના ભાગ રૂપે વર્ષ-2005-06 દરમ્યાન જીવંત કાર્યક્રમ યોજાઈ ગયો. સદર કાર્યક્રમની તૈયાર થયેલ C.D. યુનિવર્સિટી ખાતેથી વેચાણથી ઉપલબ્ધ છે આ C.D. સિવિલ સર્વિસીઝ પરીક્ષામાં પ્રિલીમ પરીક્ષાની તૈયારીમાં મદદરૂપ થતા વિષયોને આવરી લઈને તૈયાર કરવામાં આવેલ છે. નીચે દર્શાવેલ વિષયોની પ્રિલીમ પરીક્ષા અંગેની C.D. પ્રતિ નંગ દીઠ 40 રૂ. લેખે વેચાણથી ઉપલબ્ધ છે.

| ક્રમ | વિષય |
|---|---|
| 1 | જનરલ સ્ટડી-સિવિલ સર્વિસીઝ પરીક્ષા વિશે. |
| 2 | જનરલ સ્ટડી-મેન્ટલ એબીલીટી |
| 3 | જનરલ સ્ટડી-હિસ્ટ્રી |
| 4 | જનરલ સ્ટડી-પોલીટી |
| 5 | જનરલ સ્ટડી-જીઓગ્રાફી |
| 6 | જનરલ સ્ટડી-ઈકોનોમી |
| 7 | જનરલ સ્ટડી-ગુજરાતી (નિબંધ) |
| 8 | જનરલ સ્ટડી-ગુજરાતી સાહિત્ય |
| 9 | જનરલ સ્ટડી-પોલિટીકલ સાયન્સ |
| 10 | જનરલ સ્ટડી-નેશનલ મુવમેન્ટ |
| 11 | જનરલ સ્ટડી-ઈન્ડિયન પોલિસી |
| 12 | જનરલ સ્ટડી-રોલ ઓફ સીટીઝન |

## પ્રાયોગિક કાર્ય...

આરોગ્ય અભ્યાસક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓના પ્રાયોગિક કાર્ય બાબતઃ

1. ડિપ્લોમા ઈન રૂરલ હેલ્થ (DVHW)
2. ડિપ્લોમા ઈન મધર એન્ડ ચાઈલ્ડ હેલ્થ એન્ડ ફેમીલી વેલફેર (DMCH)
3. સર્ટિફિકેટ ઈન સુવાવડ સહાયક (CTBA)
4. સર્ટિફિકેટ ઈન પેરન્ટહુડ (CCBP)

DMCH અભ્યાસક્રમ અંતર્ગત 89 વિદ્યાર્થીઓનું 15 દિવસનું પ્રાયોગિક કાર્ય 1/2/07 થી શરૂ કરવામાં આવેલ. જે ડૉ.રસીકલાલ શાહ સાર્વજનિક હોસ્પીટલ મોડાસા જી-સાબરકાંઠા મુકામે યોજાયેલ. જે 17/5/07 એ પૂર્ણ થયેલ છે. સદર વિદ્યાર્થીઓને બાકીના 15 દિવસના પ્રાયોગિક કાર્ય માટે હવે પછી દર્શાવેલ તારીખ મુજબ

3-7-07 to 17-7-07 **(રજાના દિવસ સહિત)**

19-7-07 to 2-8-07 **(રજાના દિવસ સહિત)**

દરમ્યાન બીજા તબક્કાના પ્રાયોગિક કાર્ય માટે ઉપર દર્શાવેલ સ્થળે યોજાનાર છે. જેની સબંધિત વિદ્યાર્થીઓને પત્રથી જાણ કરેલ છે.

ડિપ્લોમાં ઈન રૂરલ હેલ્થ (DVHW) અભ્યાસક્રમ અંતર્ગત 189 વિદ્યાથીઓના પ્રાયોગિક કાર્યનો પ્રથમ તબકકો 1 માસ માટે બે તબકકામાં નીચે મુજબ યોજાઈ ગયો.

**પ્રથમ તબકકો** 27/4/07 to 14/5/07 **(કામકાજના દિવસોમાં)**

**બીજો તબકકો** 28/5/07 to 15/6/07 **(કામકાજના દિવસોમાં)**

જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કુહા, કણભા, સનાથલ અને વડાલ મુકામે યોજાઈ ગયો જેમાં વિદ્યાર્થીઓને ત્રીસ દિવસના પ્રાયોગિક કાર્યનો સમાવેશ કરેલ છે. ઉપરોકત દર્શાવેલ સ્થળોએ કુલ 105 વિદ્યાથીઓની વ્યવસ્થા કરવામાં આવેલ છે.હવે પછી બાકીના 84 વિદ્યાર્થીઓને હવે પછી 30 દિવસના પ્રાયોગિક કાર્ય માટે નીચે મુજબ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. જેની તમામ

વિદ્યાર્થીઓને પત્રથી જાણ કરેલ છે.

પ્રથમ તબક્કો - 25-6-07 to 11-7-07
(કામ કાજના દિવસોમાં)

બીજો તબક્કો - 23-6-07 to 8-8-07
(કામ કાજના દિવસોમાં)

જેમાં પ્રાથમિક આરોગ્યકેન્દ્ર- કુહા, અડાલજ, જેતલપુર, કણભા, સનાથલ મૂકામે યોજાનાર છે. જેમાં વિદ્યાર્થીઓનાં ત્રીસ દિવસના પ્રાયોગિક કાર્યનો સમાવેશ કરેલ છે.

## સેટેલાઈટ પરામર્શન...

દૂરવર્તી શિક્ષણ પદ્ધતિમાં જે તે અભ્યાસક્રમમાં નિયત કરેલા કલાકોમાં અભ્યાસકેન્દ્ર ઉપર તથા સેટેલાઈટ દ્વારા વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શિક્ષણ આપવામાં આવે છે. યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોમાં જોડાયેલા વિદ્યાર્થીઓને અભ્યાસકેન્દ્ર પર પરામર્શનનો લાભ મળે છે. પરંતુ કેટલાક અભ્યાસક્રમોમાં વિષય નિષ્ણાતો તમામ કેન્દ્રો પર ઉપલબ્ધ ન હોવાના કારણે પ્રત્યક્ષ શિક્ષણ સેટેલાઈટ દ્વારા યુનિવર્સિટી પુરૂં પાડે છે. યુનિવર્સિટીના 62 કેન્દ્રો પર સેટેલાઈટ દ્વારા શિક્ષણ આપવાની વ્યવસ્થા યુનિવર્સિટીએ ગોઠવી છે.

આ પરામર્શનની ખાસ વિશેષતા એ છે કે અંતરિયાળ ગામડાંઓના વિદ્યાર્થીઓને પણ પોતાના અભ્યાસક્રમના નામાંકિત તજજ્ઞો પાસેથી શિક્ષણ મેળવે છે. તેમજ પોતાને વિષય સંદર્ભે મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ પણ લાવી શકે છે. અને તે માટે યુનિવર્સિટીએ તમામ કેન્દ્રો પર ફોનની સુવિધા પણ ઉભી કરેલ છે.જેને પરિણામે વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શિક્ષણ મળ્યું હોય તેવી અનુભૂતિ થાય છે. ફેબ્રુ-માર્ચ -07 દરમ્યાન યોજાયેલ SATODL કાર્યક્રમની વિગત નીચે મુજબ છે.

**કાર્યક્રમ**

| ક્રમ | માસ/તારીખ | સમય | વિષય | વિષય નિષ્ણાંત |
|---|---|---|---|---|
| (1) | 18/2/07 | 10 થી 1 | MEG-1 | શ્રી આર.બી. ઝાલા |
| (2) | 25/2/07 | 10 થી 12 | MEG-1 | શ્રી અનુપ નાયર |
| (3) | 11/3/07 | 12 થી 3 | MEG-1 | શ્રી સંજય મુખર્જી |

ફેબ્રુઆરી/માર્ચ દરમ્યાન SATODL કાર્યક્રમ અંતર્ગત MEG-01 વિષયને આવરી લઈને કુલ -8 કલાકનો પરામર્શન કાર્યક્રમ ગાંધીનગર BISAG સ્ટુડિયો પરથી યોજાઈ ગયા.

ઉપરાંત ગુજરાતના જાણીતા સાહિત્યકારો/સારસ્વતોના પ્રત્યક્ષ સાક્ષાત્કાર કાર્યક્રમ અંતર્ગત આજ નીચે મુજબ ઈન્ટરવ્યું રેકોડિંગ કાર્યક્રમ BISAG સ્ટુડિયો પર યોજાઈ ગયો જેમાં જુદા જુદા મહાનુભાવોએ હાજરી આપી કાર્યક્રમને જીવંત બનાવ્યો હતો.

| | | |
|---|---|---|
| (1) | 19/3/07 | ડૉ. શિવકુમાર મિશ્ર |
| | | ડૉ. રંજના અરગડે |
| (2) | 23/3/07 | ડૉ. ભોળાભાઈ પટેલ |
| | | ડૉ. બિન્દુ ભટ્ટ |
| (3) | 27/3/07 | ડૉ. રઘુવીર ચૌધરી |
| | | ડૉ. આલોક ગુપ્તા |
| (4) | 29/3/07 | ડૉ. મહાવીરસિંહ ચૌહાણ |
| | | શ્રી સુલ્તાન અહમદ પઠાણ |
| (5) | 6/5/07 | ડૉ. અંબાશંકર નાગર |
| | | ડૉ. શશિવાલા પંજાબી |

## પ્રાદેશિક કેન્દ્રો...

(1) **રાજકોટ**

**રાજકોટ પ્રાદેશિક કેન્દ્ર ખાતે** પ્રાદેશિક મદદનીશ નિયામક તરીકે શ્રી ડૉ. ઉર્વીબેન ત્રિવેદીની નિમણૂંક કરવામાં આવી છે તેમણે ચાર્જ સંભાળ્યા બાદ પ્રાદેશિક કેન્દ્ર પરની કામગીરીએ વેગ પકડેલ છે તેમજ સત્રાંત પરીક્ષામાં તેઓશ્રીએ ઓબ્ઝર્વરની કામગીરી પણ સંભાળી હતી. તેમજ રાજકોટ પ્રાદેશિક કેન્દ્રનું સ્થળ **ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, પ્રાદેશિક કેન્દ્ર, શૈત્રુજ્ય હોસ્ટેલ, રેક્ટર બંગલો, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ**-360005 હતું. જે હવે બદલીને **PA-8,ટીચીંગ સ્ટાફ ક્વાટર્સ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ**-360005 થયું છે જેથી પ્રાદેશિક કેન્દ્રનો સંપર્ક કરવા માટે ઉપરોક્ત નવા સ્થળે સંપર્ક કરવાનો રહેશે.

(2) **પાટણ**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું બીજું **પ્રાદેશિક કેન્દ્ર પાટણ ખાતે** યુનિવર્સિટી મથકે ટૂંક સમયમા શરૂ થનાર છે જે અંગેની વધુ માહિતી આવતા "જ્ઞાનગંગા" અંકમાં આપવામાં આવશે.

## પરીક્ષા વિભાગ...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની પ્રણાલી મુજબ વર્ષમાં બે વાર લેવાનાર પરીક્ષા નિયત કેન્દ્ર પર યોજે છે. કB.A./B.Com. ના ડીગ્રી સર્ટીફીકેટો જે તે વિદ્યાર્થીઓને મોકલી આપવામાં આવેલ છે.

માર્ચ , એપ્રિલ ,મે 2007 માં લેવાયેલ તમામ પરીક્ષાના પરીણામો જૂન મહિનામાં જાહેર થાય તેવા પ્રયત્નો યુનિવર્સિટી દ્વારા હાથ ધરાયેલ છે. યુનિવર્સિટીની પરીક્ષા દરમ્યાન કેન્દ્રો ઉપર આ સત્રથી ઓબ્ઝર્વેશનની વ્યવસ્થા ચાલુ કરવામાં આવેલ છે.

## યુનિવર્સિટી અંગે વિશેષ...

- **વોકેશનલ અને પ્રોફેસનલ કોર્સીસ માટે રાજ્ય સરકાર તરફથી યુનિવર્સિટીને રૂ.1 કરોડની વિશેષ ગ્રાન્ટ મળેલ** છે જે યુનિવર્સિટી માટે આનંદની વાત છે.
- ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સીલ અને મીનીસ્ટ્રી ઓફ હ્યુમન રીસોર્સ ડેવલપમેન્ટ તરફથી યુનિવર્સિટી માટે ચાલુ વર્ષે 95 લાખની "નોલેજ પોર્ટલ" માટે એડીશનલ ગ્રાન્ટ મળેલ છે. જે યુનિવર્સિટી તથા સંબંધિતો માટે આનંદની વાત છે.
- હાયર એજ્યુકેશન કમિશ્નર ઓફીસ, નેક (નેશનલ એક્રીડીએશન એન્ડ એસેસમેન્ટ કાઉન્સીલ) અને સ્ટેટ ક્વોલિટી એશ્યોરન્સ સેલની નોડલ એજન્સી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સંયુક્ત સહયોગથી છેલ્લા 9 મહિનામાં 126 કોલેજોનું કો-ઓર્ડિનેશન થયેલ છે જે ખૂબ જ ગૌરવની વાત છે.
- નેશનલ નોલેજ કમીશનના રીપોર્ટ અન્વયે શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના ઉપક્રમે ''નેશનલ નોલેજ કમીશન ધી ગુજરાત ઈનીસીએટીવ'' નામક કાર્યશાળા ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કો-ઓર્ડિનેશન દ્વારા તા. 22-03-2007ના રોજ GCERT ગાંધીનગર ખાતે યોજાઈ ગઈ. જેનો અહેવાલ ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે.

## ફેબ્રુઆરી-07 ના સત્રથી શરૂ થયેલ પ્રોગ્રામ કેન્દ્રોની યાદી...

| | કોડ | સરનામું | ફાળવેલ અ.ક્ર. |
|---|---|---|---|
| 1 | 0144 | શ્રી બી. આર. પટેલ નૂતન - ફેલોશીપ હાઈસ્કૂલ, આશ્રમરોડ, નવરંગપુરા, અમદાવાદ | CIC,CPCS, CCC-BAOU |
| 2 | 0145 | સિધ્ધી વિનાયક એજ્યુકેશન - સોસા, ધૂન ઈન્ટરનેશનલ, પબ્લીક સ્કૂલ 20 રાજ એપાર્ટમેન્ટ, ઉત્તમનગર ગાર્ડનની સામે, મણીનગર, અમદાવાદ-08 | MSW, CIC,CPCS, CCC-BAOU |
| 3 | 0146 | શ્રી એલ.વી. ઉપાધ્યાય આર્ટસ્ - એન્ડ કોમર્સ કોલેજ, રામનગર,સાબરમતી, અમદાવાદ-380005 | CCC,CIC, CPCS |
| 4 | 0419 | વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ C/O- રાષ્ટ્રીય કલા મહાવિદ્યાલય, (એ.ટી.ડી. કોલેજ),15 શિવમ પાર્ક સોસાયટી, બાલાસિનોર, જી. ખેડા | CIC,CPCS, CCC-BAOU |
| 5 | 0519 | ડૉટ ટેકનોલોજી, 608, - 6ઠ્ઠો માળ, મેઘમલ્હાર કોમ્પલેક્ષ, સેકટર - 11 ગાંધીનગર | CIC,CPCS, CCC-BAOU |
| 6 | 1314 | શ્રી પંચશીલ સંચાલિત, પંચશીલ - બી. એડ્. કોલેજ, કાંસા પંચશીલ વિદ્યાસંકુલ, થલોટા રોડ, વિસનગર, મહેસાણા | CIC,CPCS, CCC-BAOU |
| 7 | 1315 | શ્રી ટી.જી.બી.પટેલ ઉ.બુ - વિદ્યાલય અને શ્રીમતી એસ.સી. પટેલ, ઉચ્ચ ઉ.ગુ. વિદ્યાલય, મોરવાડ, વિજાપુર, મહેસાણા | CIC,CPCS, CCC-BAOU |
| 8 | 1316 | વડુ જુથ કેળવણી મંડળ વડુ, - તા. કડી, મહેસાણા | CIC,CPCS, CCC-BAOU |
| 9 | 1317 | ગીતા ટ્રસ્ટ, ત્રાંસવાડ,- મુ. ત્રાંસવાડ, તા. વડનગર, જી. મહેસાણા | CIC,CPCS, CCC-BAOU |
| 10 | 1318 | ધી યુનિયન હાઈસ્કુલ અને - શ્રીમતી એમ.સી. એસ. પટેલ, ઉચ્ચ મા.શાળા, લાંઘણજ, મહેસાણા | CIC,CPCS, CCC-BAOU |
| 11 | 2302 | શ્રી નર્મદા ઉત્કર્ષ ચેરીટેબલ - ટ્રસ્ટ, મુ. સુંદરપુરા તા. નાંદોદ, જી. નર્મદા | CIC,CPCS, CCC-BAOU |

## યુનિવર્સિટીએ બંધ કરેલ અભ્યાસકેન્દ્ર/ પ્રોગ્રામકેન્દ્રની યાદી...

| | કોડ | સરનામુ |
|---|---|---|
| 1 | 0705 | શ્રી એમ. એમ. ઘોડાસરા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,જૂનાગઢ |
| 2 | 0707 | મહિલા આર્ટસ, કોમર્સ (બી.બી.એ.) એન્ડ બી.સી.એ. કોલેજ, જૂનાગઢ -362001 |
| 3 | 1402 | શ્રી જી.કે. એન્ડ સી.કે. બોસમિયાં આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જેતપુર |
| 4 | 0114 | શ્રી કિશનદાસ કિકાણી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ,ધંધુકા, અમદાવાદ |
| 5 | 0206 | શ્રી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ મુ.તા. બાબરા,જી. અમરેલી |
| 6 | 0605 | શ્રી અંધજન તાલીમ કેન્દ્ર, એરોડ્રામ રોડ,જામનગર |
| 7 | 0713 | શ્રી કોડીનાર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કોડીનાર સોમનાથ મંદિર સામે, જી. જૂનાગઢ 362720 |
| 8 | 1204 | શિવમ શિક્ષણ સેવા સાર્વજનિક ટ્રસ્ટ, ભાવનગર C/O.સંસ્કૃતિ સ્કુલ, શિહોર, જી. ભાવનગર |
| 9 | 1206 | કલ્યાણ ફાઉન્ડેશન, બ્લોક નં.13 એટલોટ નં. 2239,દક્ષિણામૂર્તિ સોસાયટી નં. 2 હિલ હાઈવ, ફૂલવાડી, ભાવનગર |
| 10 | 1208 | નિસર્ગોપચાર યોગમાનવ ઉત્થાન ચેરિટેબલ ટ્રસ્ટ, C/O.પાર્થ એકટીવીટી પ્લોટ નં. 3225, પૂજાપાર્ક વાઘાવાડી રોડ,વરલ હાઉસ પાસે, ભાવનગર |
| 11 | 1407 | સ્વ. એમ. જે. કુંડલિયા આર્ટસ એન્ડ- કોમર્સ મહિલા કોલેજ,રાષ્ટ્રીય શાળા કમ્પાઉન્ડ, મનહરપ્લોટ,રાજકોટ. |
| 12 | 1411 | શ્રી એચ. એન.શુકલા કોલેજ ઓફ - ઈન્ફરમેશન ટેકનોલોજી એન્ડ- મેનેજમેન્ટ, દિગ્વીજય મેઈન રોડ, દિવાનપરા પોલીસ સ્ટેશન સામે, રાજકોટ-01 |
| 13 | 1509 | પંચજન્ય કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ રાધાકૃષ્ણ પાર્ક, માધવ ભાગરોડ, કોર્પોરેશન બોર્ડ નં 1 ની ઓફિસ પાસે, વડોદરા. |
| 14 | 1510 | પક્ષશિલા કોલેજ, અન્યોન્ય બેડ ઉપર, કારેલી બાગ પાણીની ટાંકી સામે, વડોદરા. |

| | | |
|---|---|---|
| 15 | 1512 | ત્રિલોક યુથ કલબ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ C/O એચ. જે. પરીખ મોડેલ હાઈસ્કૂલ ઘંડિયાબજાર, વડોદરા. |
| 16 | 1514 | યોગી નેચર કેર સેન્ટર, એસ. ટી. ડેપો પાસે, કલોલ રોડ, બોડેલી, વડોદરા. |
| 17 | 1516 | શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ, - કલાલી,વડોદરા-12 |
| 18 | 1805 | નિર્માણ ચેરીટેબલ ટ્રસ્ટ, 383 વર્ષા સોસાયટી, વિભાગ-1 વરાછા રોડ,સુરત. |
| 19 | 1806 | શ્રી કેશવ સ્મૃતિ ટ્રસ્ટ, ગંગાનગર સોસાયટી, શાસ્ત્રી માર્ગ, બારડોલી, સુરત. |
| 20 | 1810 | યુનિવર્સલ વિઝન ફાઉન્ડેશન, સ્વતિક ભવન, જુનાગામ, દેવજીપુરા, ફોર્ટ સોનગઢ, સુરત. |

## નવા શરૂ થનાર અભ્યાસક્રમો...

**CALT (BAOU)**

ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન પર આધારિત આ સર્ટિફિકેટ અભ્યાસક્રમ આ સત્રથી શરૂ થશે. ડૉ. બાબાસાહેબનાં જીવનના અલગ-અલગ પાસાંઓ તેમજ તેમના દર્શનને આવરી લેવાનો કોર્સમાં પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**CCC+**

ગુજરાત રાજયના નવા પરિપત્ર અનુસાર Class-I and Class-II માટે CCC+ અભ્યાસક્રમ ફરજિયાત કર્યો છે. આ સંદર્ભે આ નવો અભ્યાસક્રમ યુનિવર્સિટી દ્વારા ઓગષ્ટ-2007ના શૈક્ષણિક સત્રથી શરૂ કરવામાં આવશે. આ અભ્યાસક્રમ અત્યંત આધુનિક તેમજ ઉચ્ચગુણવત્તાવાળો જે મહત્તમ પ્રેકટીકલ પર આધાર રાખે છે.

**વોકેશનલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમો**

આપણી યુનિવર્સિટી આગામી સત્રથી નવા વોકેશનલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં હોટલ અને ટુરિઝમ મેનેજમેન્ટના તથા ફોરેન લેગ્વેઝીસ તેમજ B.Ed. ના અભ્યાસક્રમો શરૂ કરવાનું આયોજન કરવા જઈ રહી છે જેમાં હોટલ અને ટુરિઝમ મેનેજમેન્ટના અભ્યાસક્રમો ઈન્સ્ટીટયુટ ઓફ હોટલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ (IHTM) ના સહયોગથી અનેક અભ્યાસક્રમો ચલાવવા માટે MOUથયેલ છે.

B.B.A./M.B.A., M.Sc./B.Sc. અને Foreien Languages ના વિવિધ અભ્યાસક્રમો નવા સત્રથી શરૂ કરવામાં આવનાર છે. આ પ્રોફેશનલ કોર્સ હોઈ વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડવામાં ખૂબ જ ઉપયોગી થશે.

1. BBA.-Hotel Tourism Management
2. B.Sc-Hotel & Catering Management
3. B.Sc-Food Processing & Management
4. B.Sc-Media Graphic & Animation
5. M.Sc-Hotel & Catering Management
6. M.Sc-Food Processing & Preservation
7. M.Sc-Media Graphic & Animation
8. Management Programmes
9. BBA-Insurance & Banking
10. BBA-Hotel & Tourism Management
11. BBA-Air Travel Management
12. MBA-Master's Programme

**કોર્સ ઈન ફોરેન લેગ્વેજ**

(1) સર્ટિફીકેટ ઈન જાપાન લેગ્વેઝીસ
(2) સર્ટિફીકેટ ઈન ચાઈનીઝ લેગ્વેઝીસ
(3) સર્ટિફીકેટ ઈન સ્પેનીસ લેગ્વેઝીસ
(4) સર્ટિફીકેટ ઈન ફ્રાન્સીસ લેગ્વેઝીસ

ઉપરોક્ત અભ્યાસક્રમોની અભ્યાસસામગ્રી તૈયાર થઈ ગઈ છે અને તે તબકકાવાર અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે. સદર અભ્યાસક્રમો જે સંસ્થા /કોલેજ ચલાવવા માંગતી હોય તે સંસ્થાઓએ કેન્દ્ર અને અભ્યાસક્રમ માટે ડૉ. ધવલ પંડયા (પ્રા.કોમર્સ મેનેજમેન્ટ)નો સંપર્ક કરવો.

**B.Ed.**

નેશનલ કાઉન્સીલ ફોર ટીચર્સ એજયુકેશન ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને બી. એડ. અભ્યાસક્રમ શરૂ કરવાની મંજૂરી આપી છે. જેના પગલે હવે વિદ્યાર્થી ઘેર બેઠાં B.Ed. નો અભ્યાસ કરી શકશે.

ચાલુ વર્ષે Aug-07 ના સત્રથી B.Ed. નો અભ્યાસક્રમ ચાલુ થનાર છે. જેમાં 500 વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે.

**DVATG**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી એ ઓગસ્ટ 2007ના શૈક્ષિણક સત્રથી ડિપ્લોમા ઈન વેલ્યુ એડેડ ટેક્ષ ઈન ગુજરાત DVATG અભ્યાસક્રમ શરુ કરે છે. જેમાં ગુજરાત સરકારે ફરજીયાત વેટ દાખલ કરતા તેના જ્ઞાનની સૌ કોઈને જરુરિયાત ઉભી થનાર છે. ત્યારે આ કોર્સ સમયની સાથે યુવાનો/વેપારી વર્ગને તાલ મીલાવવા ઉપયોગી થશે.

## યુનિવર્સિટીમાં નવી નિમણૂંકો...

**નવા કુલસચિવશ્રીની નિમણૂંક**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરીકે સરકારશ્રીએ શ્રી કે. આર. પોટાને નિયુકત કરતા શ્રી કે. આર. પોટાએ કુલસિચવશ્રીનો ચાર્જ સંભાળેલ છે. શ્રી કે. આર. પોટાએ રાજ્ય સરકારમાં છેલ્લા 27 વર્ષથી જુદા જુદા હોદ્દા પર કાર્યભાર સંભાળેલ છે. તેમજ છેલ્લા પાંચ વર્ષથી વર્ગ-1 તરીકે ફરજ બજાવતા શ્રી કે.આર. પોટા મે-2006 થી GCERT માં રીડર તરીકે ફરજ બજાવતા હતા. તેમજ તેઓશ્રી સપ્ટેમ્બર-2007 થી રાજ્ય પરીક્ષા બોર્ડમાં સચિવ તરીકનો વધારાનો હવાલો સંભાળતા હતા. છેલ્લા ઘણાં વર્ષોથી કુલસચિવશ્રીની જગ્યા ખાલી હોવાથી તે ચાર્જ અત્યાર સુધી મદદનીશ કુલસચિવશ્રી એસ. એચ. બારોટ સંભાળતા હતા. શ્રી કે. આર. પોટા યુનિવર્સિટીમાં કુલસચિવશ્રી તરીકે જોડાયા ત્યારે યુનિવર્સિટીના સઘળા કર્મચારીઓએ તેમનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતું.

**યુનિવર્સિટીમાં જુદી જુદી સ્કૂલોમાં નીચે મુજબની ટીચીંગ સ્ટાફની નિમણૂંક થઈ છે.**

School of Education...

(1) ડૉ. મીનાબેન જે. અમીન (રીડર)
(2) ડૉ. ધર્મેન્દ્રભાઈ એમ. બકરાણીયા (પ્રાધ્યા.)
(3) કુ. જયશ્રીબેન એન. ગુર્જર (પ્રાધ્યા.)
(4) કુ. મિનાક્ષીબેન બી. ચૌહાણ (પ્રાધ્યા.)

(5) ડૉ. મીનાબેન આઈ. રાજપૂત (પ્રાધ્યા.)
(6) ડૉ. સુમનબેન વી. ત્રિપાઠી (પ્રાધ્યા.)

School of Humanities & Social Science...

(1) શ્રી હરદિપસિંહ આર. ગોહિલ (પ્રાધ્યા. અંગ્રેજી)
(2) કુ. સુરભીબેન એ. ભપલ (પ્રાધ્યા. અંગ્રેજી)
(3) શ્રી મિહિરભાઈ બી. મોરી (પ્રાધ્યા. અંગ્રેજી)
(4) કું. હેતલબેન બી. પંડયા (પ્રાધ્યા. અર્થશાસ્ત્ર)

School of Commerce & Management...

(1) ડૉ. ધવલભાઈ વી. પંડયા (પ્રાધ્યા.)

Asstt. Director, Regional Center, Rajkot...

(1) ડૉ. ઉર્વીબેન સી.ત્રિવેદી

## પ્રાસંગિક: આંબેડકર જયંતિની ઉજવણી...

### યુનિવર્સિટી ખાતે

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા.14 એપ્રિલ, 2007 ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકરની 116 મી જન્મ જયંતિ નિમિત્તે યુનિવર્સિટી ખાતે તેમના જીવન-કવન પર ગોષ્ઠીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં માન. કુલપતિશ્રીએ ડૉ. આંબેડકરના જીવન-કવન પર ધ્યાનમાં ન આવેલ બાબતો પર પ્રકાશ પાડયો હતો. તેમજ યુનિવર્સિટીના વ્યાખ્યાતાઓએ આંબેડકરના કવનના જુદા જુદા દૃષ્ટિકોણને વિષય બનાવીને વિષય મૂકયો હતો અને તે વિષય ઉપર ચર્ચા કરી હતી. આમ આંબેડકરની 116 મી જન્મ જયંતિએ એમને દેશ માટે કરેલ સેવાને યાદ કરી જન્મ જયંતિ ઉજવવામાં આવી હતી તેમજ યુનિવર્સિટીનું નામ પણ ડૉ. બાબાસાહેબ આંબેડકર છે ત્યારે તેમના જીવનના મૂલ્યો અને કરેલ કામગીરીને ધ્યાને રાખી કર્મચારીઓએ યુનિવર્સિટીનું નામ ગુજરાત તેમજ દેશભરમાં ઉજાળે તેવી રીતે કાર્ય કરવાની કટિબધ્ધતા વ્યકત કરી હતી.

### અભ્યાસકેન્દ્ર પર

ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ દાહોદ અભ્યાસ કેન્દ્ર દ્વારા અભ્યાસકેન્દ્ર પર ઉજવવામાં આવી હતી.



દાહોદ કેન્દ્ર ખાતે આંબેડકર જયંતિની ઉજવણી

જે કેન્દ્રના આચાર્ય, સંયોજકશ્રી, સહસંયોજકશ્રી, કોલેજના પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ તેમજ કેન્દ્રસ્થ મૂલ્યાંકન માટે પધારેલ અધ્યાપકોની હાજરીમાં કાયેક્રમ યોજાઈ ગયો જેમાં બાબાસાહેબની પ્રતિમાને ફૂલહાર કરી એમના જીવન ચરિત્ર વિશે તેમજ તેમને ભારતના બંધારણ ઘડવામાં આપેલ પ્રદાનની છણાવટ કરતાં વ્યાખ્યાનો ગોઠવવામાં આવ્યા હતાં જેમાં આંબેડકરના જીવનનો રાહ અપનાવી દેશ માટે સમર્પિત થવાની શીખ આપી હતી અને મધ્યસ્થ મૂલ્યાંકન માટે આવેલ વ્યાખ્યાતાઓએ આંબેડકર અંગેના વિચારો રજૂ કર્યા હતા.

## કન્યા કેળવણી પ્રવેશ મહોત્સવ...

ગુજરાત સરકાર દ્વારા રાજયના ગામો કે જયાં કન્યાઓની કેળવણી માટેની જાગૃતી નહીવત છે તેવા ગામોમાં આ પ્રત્યે જાગૃતી લાવવા રાજયના ગામે ગામ કન્યા કેળવણી પ્રવેશ મહોત્સવ તા.15,16, અને 17-06-2007 ના રોજ ઉજવાઈ ગયો.

રાજયના ગામે ગામ આ ત્રણ દિવસો દરમ્યાન કન્યા કેળવણી રથ સચિવશ્રીઓ તેમજ શિક્ષણ સાથે સંકળાયેલ ઉચ્ચ અધિકારીઓ નેતૃત્વ હેઠળ ગામે ગામ ગયેલ.

આ શુભકાર્યમાં આ યુનિવર્સિટીને પણ નેતૃત્વ કરવાનું અહોભાગ્ય પ્રાપ્ત થયેલ. આ યુનિવર્સિટીના ઈ.ચા. કુલસચિવશ્રી એસ.એચ. બારોટ અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના કેટલાંક ગામોમાં આ ત્રણ દિવસો દરમ્યાન નેતૃત્વ કરેલ.

તેમના અનુભવે એવું ફલિત થયું છે કે રાજય સરકારનું આ નેક કામ ઘણું જ જરૂરી હતું. જે જે ગામોમાં તેમના નેતૃત્વ હેઠળનો રથ ગયો હતો, તેવા તમામ ગામોમાં ધોરણ-10,12 કે સ્નાતક કક્ષાએ પહોંચેલ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોની સંખ્યા પણ એકાદ બે જેટલી હતી અથવા ન હતી. આ આંકડા બતાવે છે કે ખરેખર ગામડાઓમાં વસતા આપણા ભાઈઓ તથા બહેનો આઝાદીના આટલા વરસો બાદ પણ સાક્ષરતા મેળવી શકયા નથી અને પરિણામે આજે પણ નિરક્ષરતાના ઓળા નીચે જીવી રહયા છે.

કન્યા કેળવણી પ્રવેશ મહોત્સવ ઉજવી રાજય સરકારે કન્યાઓ 100% સાક્ષર થાય તે માટે ખાસ અભિયાન ચલાવેલ છે. જેને ગામડે સારો પ્રતિસાદ મળેલ છે. લોકોએ ગામે ગામ ઉત્સાહભેર કન્યા કેળવણી રથ આવકાર્યા હતા. ગામે ગામ આ અભિયાન દરમ્યાન ઘણી મોટી સંખ્યામાં બાળાઓને શાળાઓમાં પ્રવેશ થયા હતા અને તેમના વાલીઓ મોટી સંખ્યામાં હાજર હતા. તેમના બાળકોને અધવચ્ચે ઉઠાવી ન લેવા તેમજ પુરુ ભણતર આપવા વાલીઓએ શપથ લીધા હતા.

આ કાર્યક્રમનું નેતૃત્વ સંભાળનાર અધિકારીઓએ વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને તેમના જીવનમાં શિક્ષણનું શું મહત્વ છે તે ઉદાહરણ સામે સમજાવ્યું હતું. જે વાલીઓને 100% ગળે ઉતર્યુ હતું.

આ કાર્યક્રમ દરમ્યાન સરકાશ્રીની નીચે જણાવેલ યોજનાઓ પણ લોકો સમક્ષ મુકવામાં આવી હતી.

1. નિર્મળ ગુજરાતના અભિયાન અન્વયે ગ્રામજનોએ સામુહિક શપથ લીધા હતા.
2. આ સત્રમાં પ્રવેશ મેળવતી બાળાઓને વિદ્યા લક્ષ્મી બોન્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.
3. તમામ બાળકોને સ્કુલ બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું.
4. આંગણવાડીમાં દાખલ થતા બાળકો તેમજ ધાત્રી માતાઓ માટે સહકારશ્રીએ લોન્ચીંગ કરેલ બાલ ભોગ પૌષ્ટિક આહારના કીટનું વિતરણ કરવામાં આવ્યું. તેમજ તેના ઉપયોગની તમામને સમજ આપવામાં આવી.
5. બાળકો માટેની ન્યુટ્રી કેન્ડી સરકાશ્રીએ લોન્ચીંગ કરેલ છે. તે વિશે સમજ આપવામાં આવી અને તેનું વિતરણ કરવામાં આવ્યું.
6. કાર્યક્રમ દરમ્યાન સૌથી વધુ ભણેલ ગામનાં ભાઈઓ તેમજ બહેનોનું તેમજ વિદ્યાર્થીઓને મદદ કરતાં દાતાઓનું સન્માન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમ દરમ્યાન તાલુકા તેમજ જિલ્લા કક્ષાના શિક્ષણ તેમજ વિકાસ અધિકારીઓને ભારે જહેમત ઉઠાવી સફળતા પૂર્વક કાર્યક્રમનું આયોજન પાર પાડયું હતું.

આ કાર્યક્રમ દરમ્યાન ગામેગામ ઉચ્ચશિક્ષણથી વંચિત અને કેટલાક કારણસર ઉચ્ચ શિક્ષણ ન મળી શકતા વિદ્યાર્થીઓ તેમજ ગ્રામ જનોને ઘેરબેઠા ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર

ઓપન યુનિવર્સિટીની વિશિષ્ટ શિક્ષણ પદ્ધતિનો ખ્યાલ આપવામાં આવ્યો હતો. તેમજ વિવિધ અભ્યાસક્રમોની માહિતી આપવામાં આવી હતી. જેમાં યુનિવર્સિટીના બી.પી.પી. અભ્યાસક્રમ દ્વારા ગુજરાતી લખતા, વાંચતા આવડતું હોય તેવા ગ્રામજનો યુનિવર્સિટીની બી.એ./ બી. કોમ. ની ડિગ્રી મેળવી શકે છે. તેની જાણકારીએ ગ્રામજનો માટે ઉચ્ચિશક્ષણ માટે જે તકો ઉભી થઈ છે તે મુદ્દે ઘણું આશ્ચર્ય અને આકર્ષણ પેદા કર્યું હતું. ગામડાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા ભાઈઓ તથા બહેનો માટે ચાલુ નોકરીએ આ યુનિવર્સિટીનો બી.એડનો અભ્યાસક્રમ કરી શકે તેવી માહિતી મળતા તેઓ ખુશખુશાલ થઈ ગયા.

અંતમાં ગ્રામજનોએ સરકારશ્રીની એવી વિવિધ યોજનાઓનો પૂરેપૂરો લાભ લેવા ખાતરી આપી હતી અને સમગ્ર કાર્યક્રમ ગામેગામ હર્ષોલાસ સાથે સંપન્ન થયો હતો.

## SAF શિષ્યવૃત્તિ ચેક વિતરણ કાર્યક્રમ...

સાઉથ એશિયન ફાઉન્ડેશન દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિદ્યાથીઓને SAF શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ અંતર્ગત ગુજરાતભરના ડિપ્લોમા તેમજ પી.જી. ડિગ્રીમાં અભ્યાસ કરતાં પસંદ પામેલાં 150 વિદ્યાર્થીઓને SAF શિષ્યવૃત્તિ ચેક વિતરણ કાર્યક્રમ તા.18/05/2007 ના રોજ અંધજન મંડળ, વસ્ત્રાપુર ખાતે યોજાઈ ગયો. સદર કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી કરણ ખોસલા SAF અધિકારી, નંદીનીબેન મુન્શા, સેક્રેટરી અંધજન મંડળ, વસ્ત્રાપુર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઈ.ચા. કુલસચિવશ્રી એસ. એચ. બારોટ હાજર રહ્યા હતા. યુનિવર્સિટીના કર્મચારીઓ શ્રી સંકેતભાઈ પટેલ, શ્રી ધવલ બેંકર, શ્રી દિપેશ જાની, શ્રી દશરથ જાદવ, શ્રીમતી માર્ગી વચ્છરાજાની, કુ. ધામિની મહેતા, વગેરેએ કામગીરી કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત ઈષ્ટ વંદનાથી કરવામાં આવેલ ત્યારબાદ કુલસચિવશ્રીએ મુખ્ય મહેમાન શ્રી કરણ ખોસલા અને અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત નંદિનીબેન મુન્શાનું ફૂલ ગુચ્છથી સ્વાગત કર્યુ અને શાલ ઓઢાડી અભિવાદન કર્યુ હતું. યુનિવર્સિટીના કુલસચિવશ્રીએ આવેલ મહેમાનો તથા વિદ્યાર્થીઓનું સ્વાગત કરી SAF શિષ્યવૃત્તિ વિશેની રૂપરેખા તેમજ પરિચય આપ્યો હતો અને SAF શિષ્યવૃત્તિ મંજૂર કરવા બદલ SAF ના અધિકારીઓનો આભાર માન્યો હતો.

નંદિનીબેન મુન્શાએ અંધજન મંડળ, વસ્ત્રપુરમાં ચાલતી પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. શિષ્યવૃત્તિ મેળવનાર તમામ વિદ્યાથીઓને શિષ્યવૃત્તિનો અભ્યાસલક્ષી જ ઉપયોગ કરીને જીવનમાં શિક્ષણની ઊંચી સિદ્ધિ હાંસલ કરવા અનુરોધ કર્યો હતો અને વિદ્યાર્થીઓને ઉપયોગી એવું માર્ગદર્શન આપ્યું હતું.

શિષ્યવૃત્તિ લેવા માટે આવેલ વિદ્યાર્થીઓના પ્રતિભાવો અંતર્ગત એમ. એ. ગુજરાતીનો વિદ્યાર્થી જનકકુમાર પંડયા અને M.S.O. ની વિદ્યાર્થિની પટેલ મોનાબેને પોતાના પ્રતિભાવોમાં જણાવ્યું હતું કે આર્થિક પરિસ્થિતિને કારણે શિક્ષણથી વંચિત રૂહી ગયેલા શિક્ષણ ઈચ્છુક લોકોને આવા પ્રકારની શિષ્યવૃત્તિ મળે તો દૂરવર્તી શિક્ષણ મેળવવા માટે તેઓ પ્રેરાય અને તેમને શિક્ષણ મેળવવામાં પ્રોત્સાહન મળી રહે દૂરવર્તી શિક્ષણમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને આવા પ્રોત્સાહન ખૂબ જ જરૂર હોય છે અને આવા કાર્યક્રમો તેમને પ્રેરણા રૂપ બનતા હોય છે.

મુખ્ય મહેમાનશ્રી કરણ ખોસલા, નંદિનીબહેન મુન્શા અને યુનિવર્સિટીના કુલસચિવશ્રીના હસ્તે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચેક અર્પણ કરવામાં આવ્યાં હતાં.અંતમાં યુનિવર્સિટીના પ્રાધ્યાપક દશરથ જાદવે કાર્યક્રમમાં હાજર રહેલ સૌ સભ્યોનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપક ધામિની મહેતાએ કર્યુ હતું. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને અલ્પાહાર કરાવી કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો હતો.

## રાજ્ય સરકારનો English Language Laboratory પ્રોજેક્ટ

ગુજરાત રાજયના વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષામાં પ્રભુત્વ મેળવી શકે તે ઉદ્દેશથી મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજયની પસંદ પામેલી 50 કોલેજોમાં અંગ્રજી ભાષાની લેબોરેટરી શરૂ કરવાની જાહેરાત કરી છે. મા. મુખ્યમંત્રીશ્રીના આ પ્રોજેકટ હાયર એજયુકેશન અને ગુજરાત રાજયના સંયુકત ઉપક્રમે હાથ ધરવામાં આવનાર છે. આ પ્રોજેકટની પ્રારંભિક કાર્યવાહી માટેની જવાબદારી ડૉ. બા. આં. ઓ. યુ.ને સોંપવામાં આવી છે. જેના માટે અંગ્રેજી ભાષાના તજજ્ઞોની એક સમિતિની રચના કરવામાં આવી છે. આ પ્રોજેકટના અનુસંધાને ડૉ. રાજીવ ગુપ્તા (કમિશ્નર હાયર એજયુકેશન) અને ડૉ. બા. આં. ઓ. યુ.ના કુલપતિશ્રી પ્રો. અવધેશકુમાર સિંહની ઉપસ્થિતિમાં અનેક બેઠકોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં જુદી જુદી બેઠકોમાં સદર પ્રોજેકટ માટે યોજના ઘડવામાં આવેલ છે. આ પ્રોજેકટના અભ્યાસક્રમને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યો છે. જેમાં-

Level - I

Level - II અને

Level - III રહેશે. આયોજન મુજબ અપેક્ષા સહ Level - I રાજયની પસંદગી પામેલ 24 કોલેજોમાં તા. 24-6-07 થી શરૂ કરવામાં આવશે. ટ્રેનીંગ અને અન્ય કાર્યક્રમોની રૂપરેખા મુજબ આ પ્રોજેકટ દ્વારા ગુજરાતના યુવાવર્ગ માટે વધારે શ્રેષ્ઠ કારકિર્દીના દ્વાર ખુલશે તેવી આશા છે.

## અભ્યાસક્રમો અંગેની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીની થયેલ બેઠકો...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં નીચે મુજબના અભ્યાસક્રમોની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીઓની યુનિવર્સિટી મુખ્યમથકે બેઠકો મળી અને જે તે અભ્યાસક્રમો અંગે મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

| | | |
|---|---|---|
| 1. | માસ્ટર ઓફ ગુજરાતી | MGT |
| 2. | બેચરલ ઓફ આર્ટસ,સંસ્કૃત | EST |
| 3. | સર્ટીફીકેટ ઈન કમ્પ્યુટર કન્સેપ્ટ-બીએઓયુ | CCC |
| 4. | સર્ટીફીકેટ કોર્સ ઈન આંબેડકર લીટરેચર એન્ડ થોર્ટ | CALT |
| 5. | કોમ્પ્યુટર અભ્યાસક્રમ | CCC+ |
| 6. | સર્ટીફીકેટ ઈન પાર્ટીસીપેટરી ફોરેસ્ટ મેનેજમેન્ટ | CPFM |

ઉપરોકત અભ્યાસક્રમોની પ્રોગ્રામ એડવાઈઝરી કમિટીમાં અભ્યાસક્રમ ગુણવત્તા સભર બને તથા તેનું પરામર્શન યોગ્ય નિષ્ણાત દ્વારા થાય તેમજ તેના સ્વાધ્યાયકાર્યો તૈયાર કરાવવા અને તેનું મૂલ્યાંકન કરાવવું .આ તમામ બાબતો અંગે વિશદ ચર્ચા કરી જરૂરી નિર્ણયો બેઠકમાં લેવામાં આવેલ છે. તથા જે-તે અભ્યાસક્રમોની

અભ્યાસસામગ્રી ઝડપી ઉપલબ્ધ થાય તે માટેની કામગીરી પણ જે તે વિષયના નિષ્ણાતોને સોંપવામાં આવી.

## Best Study CenterAward યોજના

યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટીના અભ્યાસ/પ્રોગ્રામકેન્દ્રોમાંથી Best Study Center Award આપવાની વિચારણા કરવામાં આવી છે. જેમાં ગુજરાત ભરમાં જે અભ્યાસકેન્દ્રો/પ્રોગ્રામકેન્દ્રો કાર્યરત છે તેને ચાર ઝોનમાં વહેંચી દરેક ઝોનમાંથી એક-એક એમકુલ ચાર Best Study Center પસંદ કરવામાં આવનાર છે. ચાર ઝોન નીચે મુજબ છે.

1 ઉત્તર ગુજરાત
2 દક્ષિણ ગુજરાત
3 મધ્ય ગુજરાત અને
4 સૌરાષ્ટ્ર કચ્છ વિભાગોનો સમાવેશ કરવામાં આવે છે.

(Best Study Center Study Awardમાં જે તે કેન્દ્રમાં કરવામાં આવતી કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવનાર છે. જેમાં યુનિવર્સિટી અભ્યાસકેન્દ્ર પરની 15 બાબતોનું મૂલ્યાંકન કરશે તેના પરથી Best Study Centerનો નિર્ણય લેવામાં આવશે. જે બાબતોને ધ્યાનમાં રાખવામાં આવનાર છે તેમાં મુખ્યત્વે કેન્દ્રોમાં વિદ્યાર્થીની સંખ્યા, કેન્દ્રમાં પાસ થયેલ વિદ્યાર્થીની સંખ્યા, કેન્દ્ર પર પરીક્ષા લેવાની કામગીરી, પરામર્શકોની સંખ્યા, પરામર્શનની કામગીરી, યુનિવર્સિટીની મિટિંગમાં આપેલ રીસ્પોન્સ, વિદ્યાર્થી સહાય સેવા તેમજ સ્વાધ્યાકાર્ય મૂલ્યાંકન અને તેના રેકર્ડ મેન્ટેઈન કરવા જેવી બાબતોને ધ્યાનમાં લેવામાં આવનાર છે. કેન્દ્ર ખાતે ઈન્ફ્રાસ્ટ્રકચર, પ્રયોગશાળા, વ્યવસ્થા તેમજ કવોલીફાઈડ સ્ટાફની ઉપલબ્ધી. આ અંગે કેન્દ્રોને અને ટૂંકસમયમાં જાણ કરવામાં આવશે

## વર્કશોપ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા. 23/06/2007 ના રોજ ટેક્નિકલ ભવન, આર. સી. ટેક્નિકલ ઈન્સ્ટીટ્યુટ કેમ્પસ, સોલા, અમદાવાદ ખાતે " **Role of Teaching Faculty in Distance Education System"** વિષય પર એક દિવસીય વર્કશોપ યોજાઈ ગયો. જેનું ઉદ્ઘાટન મા. કુલપતિશ્રી પ્રો. એ. કે. સિંહ સાહેબે કર્યુ હતું તેમજ પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતું. વર્કશોપના વિષય નિષ્ણાંત તરીકે ઈગ્નૂ, નવી દિલ્હીના રીજીયોનલ સર્વિસના ડાયરેકટરશ્રી ડૉ. સી. કે. ઘોષે ઉપરોકત વિષય પર માર્ગદર્શન આપ્યું હતું વર્કશોપની શરૂઆતમાં ઈ/ચા. નિયામકશ્રી પ્રો. આર. ડી. મૂખિયાએ સૌનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ઉપરોક્ત વિષયે શ્રી ડૉ. સી.કે.ઘોષે વક્તવ્ય આપ્યું હતું તથા જુદાજુદા મુદ્દા પર વર્કશોપમાં ભાગ લેનાર સૌ સાથે ચર્ચા કરી હતી. વર્કશોપમાં યુનિવર્સિટી મદદનીશ કુલસચિવશ્રી એસ. એચ. બારોટ તથા યુનિવર્સિટીનો એકેડેમિક સ્ટાફ તથા કેન્દ્રો પર પરામર્શકો હાજર રહયા હતા. આ કાર્યક્રમનું સમાપન સત્રમાં મા. કુલપતિશ્રી હાજર રહયા હતા અને વર્કશોપનું મહત્વ સમજાવી મળેલ જ્ઞાનનો લાભ યુનિવર્સિટીને મળશે એવી આશા વ્યકત કરી હતી. આ કાયક્રમનું આયોજન તેમજ તેનું સંચાલન દિલીપ કાતરિયા વ્યાખ્યાતા-ઈતિહાસે કર્યુ હતું.

## યુનિવર્સિટીના અભ્યાસક્રમોની માન્યતા અંગે...

છેલ્લા ઘણા સમયથી દૂરવર્તી શિક્ષણ પર પ્રહાર કરવા રૂપ ઘણી બધી જાહેરાતો દૈનિક વર્તમાનપત્રોમાં આવે છે. આ વ્યવસ્થાને કયારેક પાર્ટ ટાઈમકે ડિગ્રી માન્ય નથી એવો આભાસ ઉત્પન કરવામાં આવે છે. હાલ એક પ્રસિધ્ધ વર્તમાનપત્રમાં આપણી યુનિવર્સિટીને ડિમ્ડ યુનિવર્સિટી તરીકે ઓળખવામાં આવી હતી તેમજ તેના કોર્ષ અંગેની માન્યતાઓ અંગે પ્રશ્નાર્થ ચિન્હો રજૂ કરતો એક અહેવાલ પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો, આ બાબતે સ્પષ્ટતા કરવાની થાય છે કે આપણી યુનિવર્સિટીએ ડિમ્ડ યુનિવર્સિટી નથી પરંતુ ગુજરાત રાજયનાં વિધાનસભાએ ઈ.સ. 1994 માં અધિનિયમપસાર કરી બીજી માન્ય યુનિવર્સિટીની જેમડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરેલ છે. અને જે (DEC) ડિસ્ટન્સ એજયુકેશન કાઉન્સીલ માન્ય છે.

બીજો પ્રશ્ન એ હતો કે યુનિવર્સિટીના અભ્યાસક્રમોની માન્યતા અંગે આ સંદર્ભે બોર્ડ ઓફ એસેસમેન્ટ એજયુકેશન કોલિફિકેશનની ભલામણના આધારે કેન્દ્રના માનવ સંશોધન વિકાસ મંત્રાલય દ્વારા એક આદેશ બહાર પાડયો હતો એ મુજબ સંસદ તેમજ રાજય વિધાનસભા દ્વારા સ્થાપિત કોઈપણ યુનિવર્સિટી દ્વારા દૂરવર્તી શિક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરીને કોઈપણ અભ્યાસક્રમબનાવવામાં આવે તે કોઈપણ જગ્યાએ કોઈપણ પોસ્ટ માટે માન્ય છે. આ સંબધિત આદેશ ભારતીય ગેઝેટમાં છે, આ ગેઝેટ ઓફ ઈન્ડિયાની કોપી નિશ્ચિતપણે દશાવે છે કે દૂરવર્તી શિક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરી સંસદ અથવા રાજય વિધાનસભા દ્વારા સ્થાપિત યુનિવર્સિટીનો ડિગ્રી, ડિપ્લોમાં તેમજ સટિફીકેટ અભ્યાસક્રમઆપોઆપ માન્ય થાય છે તેમાં કોઈ સંદેહ નથી. ગેઝટ ઓફ ઈન્ડિયાનો આદેશ શબ્દ સહ નીચે મુજબ છે.

THE GAZETTE OF INDIA PUBLISHED BY AUTHORITY, NEW DELHI, SATURYDAY, APRIL 8, 1995 (Chaita 18,1917), MHRD (DEPARTMENT OF EDUCATION) The 1st March 1995 No.44 F.No.18-15/93-TD.V/TS.IV-

On the recommendation of the board of Assessment for Educational qualifications, the Government of India has decied that all the qualifications awarded through Distance Education by the Universities established by an act of parliament or state Legisature Institutions Deemed to be Universities under section 3 of the UGC Act, 1956 and Institutions of National Impotance declared under an Act of Parliament stand autimatically recognised for the purpose of empolyment to posts and services under the central Government, provided it has been approved by Distance Education Council, Indira Gandhi National Open University, K 76 Hauz Khas, New Delhi-110016 and wherever necessary by all India Council for Technical Education, I.G Sports Complex, I.P.Estate, New Delhi-110002.

## પ્રકાશન...

માનનીય કુલપતિશ્રી પ્રો.અવધેશકુમાર સિંહના નીચેના બે પુસ્તકો તાજેતરમાં પ્રસિધ્ધ થયા છે.

- Ramayana Through The Ages
  D.K. Printworld (P)Ltd., New Delhi, 2007.
- Vak નામક સંશોધન પત્રિકા "Quality in Higher Education in India" Saurashtra University, Rajkot નું સંપાદન.

આ કાર્યક્રમનો લાભ ગુજરાતના વધુને વધુ
યુવાનો લેશે એવી અભિલાષા સાથે

# SCOPE

Society for Creation of Opportunity through Proficiency in English

Vibrant Gujarat
Where Life is a Celebration

## Grab the **Opportunity**

## અમૂલ્ય તક ને ઝડપી લો



Chief Minister's Dream of

Global Gujarat



ગુજરાતને વૈશ્વિક નકશા પર મૂકવાનું
મુખ્ય મંત્રીશ્રીનું અનેરું સ્વપ્ન



"આવો અંગ્રેજી શીખીએ અને જમાના સાથે કદમ મિલાવીએ..."

તંત્રી, મુદ્રક, પ્રકાશક : કુલસચિવશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, આર.સી.ટેકનીકલ ઈન્સ્ટિટ્યુટ કેમ્પસ,સોલા, અમદાવાદ.
સંપાદક મંડળ : કુસુમ શર્મા, દશરથ જાદવ, ધાર્મિની મહેતા તથા ચેતના શાહ. કોમ્પ્યુટર સેટિંગ અને ડિઝાઈન : ગીતા પરીખ
મુદ્રક : મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઑફસેટ, આંબલી ગામ, અમદાવાદ - ૩૮૦ ૦૫૮